# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા,
જિલ્લો-પંચમહાલ. પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૮/૨૦૧૬૩

તા.૩૦/૧૦/૨૦૧૮

પરિપત્ર- ૬૭૫

સંદર્ભ : ઉપસચિવ(કા.વ્ય.) ગૃહ વિભાગ નો પત્ર ક્રમાંક: વિ-૨/કમબ/૧૩૨૦૧૮/જીઓઆઈ-૨૧
તા.૨૫/૧૦/૨૦૧૮

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રો/સંસ્થાઓના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રીઓને ઉપરોક્ત સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે ભારત સરકાર દ્વારા પ્રતિ વર્ષની જેમ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ તા.૩૧/૧૦/૨૦૧૮ને "રાષ્ટ્રીય એકતા દિવસ" તરીકે ઉજવણી થનાર છે. જે અંતર્ગત આપની કૉલેજ/પી.જી.કેન્દ્ર/સંસ્થા ખાતે સંદર્ભ દર્શિત પત્રમાં દર્શાવેલ "રાષ્ટ્રીય એકતા શપથ" અંગેના કાર્યક્રમોનું આયોજન કરી, જેમાં તમામ વિદ્યાર્થીઓ શપથ લે તેમ કરવા જણાવવામાં આવે છે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ : - ઉપર મુજબ

પ્રતિ,

- આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી.જી કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ અને એન.એસ.એસ. વડાઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાના :

- નિવાસી અધિક કલેકટર પંચમહાલ ,જીલ્લાગોધરા ,.

By- Email

તાત્કાલિક

# ગુજરાત સરકાર

ક્રમાંક: વિ-૨/કમબ/૧૩૨૦૧૮/જીઓઆઇ-૨૧
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા:25 OCT 2018

પ્રતિ,
તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી.

વિષય : શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની જન્મજયંતિ ૩૧ ઓકટોબરને "રાષ્ટ્રીય એકતા દિવસ" તરીકે ઉજવવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય સંબંધમાં શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની જન્મજયંતિ ૩૧ ઓકટોબર ને "રાષ્ટ્રીય એકતા દિવસ" તરીકે ઉજવવા બાબતનાં માનનીય ગૃહ મંત્રીશ્રી, ભારત સરકાર, નવી દિલ્હીનાં તા.૦૪/૦૯/૨૦૧૮ના માન. મુખ્યમંત્રીશ્રીને સંબોધેલ અ.સ.પત્રની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

ઉકત પત્રથી ભારત સરકાર દ્વારા પ્રતિ વર્ષની જેમ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની જન્મ જયંતિ તા.૩૧/૧૦/૨૦૧૮ને "રાષ્ટ્રીય એકતા દિવસ" તરીકે ઉજવવા તથા આ દિવસે જુદા-જુદા કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે.

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી સંબંધમાં કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી, ભારત સરકાર દ્વારા તમામ રાજ્યોનાં મુખ્ય સચિવશ્રીઓ સાથે તા.૨૨/૧૦/૨૦૧૮નાં રોજ વિડીયો કોન્ફરેન્સ યોજવામાં આવેલ હતી. સદર વિડીયો કોન્ફરેન્સ દરમિયાન થયેલ ચર્ચા અન્વયે જિલ્લા કક્ષાએ તા.૩૦/૧૦/૨૦૧૮ અથવા તા.૩૧/૧૦/૨૦૧૮નાં રોજ નીચે મુજબનાં કાર્યક્રમોનું આયોજન કરવા આથી જણાવવામાં આવે છે :

(૧) જિલ્લામાં સરકારી, અર્ધ સરકારી પંચાયત કચેરીઓ, સ્કૂલ-કોલેજો, કેન્દ્રીય વિદ્યાલય, નવોદય વિદ્યાલય, કેન્દ્રિય જાહેર સાહસો, કેન્દ્રીય અર્ધ-લશ્કરી દળો, રેલવેઝ ખાતે રાષ્ટ્રીય એકતાનાં શપથનાં કાર્યક્રમ યોજવા. (ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં શપથની પ્રત આ સાથે સામેલ છે.)

(૨) સ્થાનિક કક્ષાએ "રન ફોર યુનિટી" નું આયોજન કરવામાં આવે.

(૩) કેન્દ્રીય અર્ધ લશ્કરી દળો, સી.આર.પી.એફ., કેન્દ્રિય જાહેર સાહસોનાં સીકયુરીટી ગાર્ડ્સ, હોમગાર્ડ્સ તથા પોલીસ દ્વારા "માર્ચ પાસ્ટ" તથા બેન્ડનાં કાર્યક્રમ યોજવા તથા તેને રેડિયો ટેલિવિઝન તથા અન્ય પ્રચાર માધ્યમોમાં બહોળી પ્રસિદ્ધિ મળે તેવું આયોજન કરવું.

(૪) સ્થાનિક સિનેમાઘરો/મલ્ટીપ્લેક્ષ ખાતે ફિલ્મ શરૂ થાય તે પહેલા તેમની સ્ક્રીન ઉપર રાષ્ટ્રીય એકતાનાં શપથ પ્રદર્શિત કરી દરેક પ્રેક્ષકને રાષ્ટ્રીય એકતાનાં શપથ લેવાં વિનંતી કરવામાં આવે.

(૫) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પદાધિકારીઓ તથા લોકો દ્વારા રાષ્ટ્રીય એકતાનાં શપથ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે.

આપનો વિશ્વાસુ,

(પંકજ દવે)
ઉપસચિવ(કા.વ્ય.)
ગૃહ વિભાગ

બિડાણ: ઉપર મુજબ.

# <u>રાષ્ટ્રીય એકતા દિવસ શપથ</u>

હું સત્યનિષ્ઠા સાથે શપથ લઉં છું કે હું રાષ્ટ્રની એકતા, અખંડતા અને સુરક્ષા જાળવી રાખવા માટે સ્વયંને સમર્પિત કરીશ અને મારાં દેશવાસીઓમાં પણ આ સંદેશ ફેલાવવાનો પૂરો પ્રયત્ન કરીશ. હું આ શપથ મારા દેશની એકતાની ભાવનાથી લઈ રહ્યો છું જે સરદાર વલ્લભભાઈ પટેલની દૂરંદેશી અને કાર્યો થકી સંભવ બની છે. હું મારા દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મારું પોતાનું યોગદાન આપવા માટે પણ સત્યનિષ્ઠા સાથે શપથ લઉં છું.

93

## राष्ट्रीय एकता दिवस शपथ

मैं सत्यनिष्ठा से शपथ लेता हूँ कि मैं राष्ट्र की एकता, अखंडता और सुरक्षा को बनाए रखने के लिए स्वयं को समर्पित करूंगा और अपने देशवासियों के बीच यह संदेश फैलाने का भी भरसक प्रयत्न करूंगा। मैं यह शपथ अपने देश की एकता की भावना से ले रहा हूँ जिसे सरदार वल्लभभाई पटेल की दूरदर्शिता एवं कार्यों द्वारा संभव बनाया जा सका। मैं अपने देश की आंतरिक सुरक्षा सुनिश्चित करने के लिए अपना योगदान करने का भी सत्यनिष्ठा से संकल्प करता हूँ।

## RASHTRIYA EKTA DIWAS PLEDGE

I solemnly pledge that I dedicate myself to preserve the unity, integrity and security of the nation and also strive hard to spread this message among my fellow countrymen. I take this pledge in the spirit of unification of my country which was made possible by the vision and actions of Sardar Vallabhbhai Patel. I also solemnly resolve to make my own contribution to ensure internal security of my country.